# ૩૮૦ કિ.મી. બાઈક હંકારી સુરત આવી ચેઈન સ્નેચિંગ કરતો યુવક ઝડપાયો

» રાહુલ સોનીને પકડી પોલીસે સ્ચેનિંગના ૯ ગુનાઓનો ભેદ ઉકેલ્યો

» રાજસ્થાનના બાંસવાડાથી રાતે બાઈક ઉપર નીકળતો અને સવારે સુરતમાં ચેઈન તોડતો



સુરત, તા. ૧૪

શહેરમાં છેલ્લા કેટલાક મહિનામાં સ્નેચિંગના બનાવો અસાધારણ રીતે વધી ગયા છે. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે વિશેષ ડ્રાઈવ ગોઠવી ઉધના વિસ્તારમાંથી રાજસ્થાની યુવકને ઝડપી લીધો હતો. રાહુલ સોની નામના યુવકની તપાસમાં એવી ચોંકાવનારી વાત બહાર આવી હતી કે તે ચેઈન સ્નેચિંગ માટે રાજસ્થાનના બાંસવાડાથી ૩૮૦ કિલોમીટર બાઈક ચલાવી સુરત આવતો હતો. અહીં ચેઈન તોડી ને પાછો બાઈક ઉપર વતન ચાલ્યો જતો હતો. આ યુવકની તપાસમાં ચેઈન સ્નેચિંગના ૯ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

શહેરમાં મોબાઈલ અને ચેઈન સ્નેચિંગ કરતાં બાઈકર્સે આતંક મચાવ્યો છે. તેમાંય છેલ્લા કેટલાક મહિનામાં સ્નેચિંગના પંદર જેટલા બનાવો બનતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસ કમિશનર દ્વારા પણ આ બનાવોને ગંભીરતાથી લેવાયા અને પરિણામલક્ષી કામગીરી માટે ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર અનિરુદ્ધ કેપ્ટનને સૂચના આપી હતી. કેપ્ટને સ્નેચિંગના ગુનાઓનો અભ્યાસ કરી તેનું ટેકનિકલ વિશ્લેષણ કરવા સાથે ક્રાઈમ પેટર્ન એટલે કે મોડસ ઓપરેન્ડીના આધારે સ્નેચર્સને શોધી કાઢવા સબ ઈન્સ્પેક્ટર એમ. એસ. ત્રિવેદીને સાથે રાખી વિશેષ ડ્રાઈવ ગોઠવી હતી.

આ દિશાની તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે ઉધના નવસારી રોડ ઉપર ગુરુદ્વારા પાસે વોચ ગોઠવી રાહુલ સોની નામના યુવકને ઝડપી લેવાયો હતો. રાજસ્થાનના બાંસવાડાના વતની રાહુલ ઉર્ફે રિન્કુ ઉર્ફે કપિલ જગદીશચંદ સોનીની અંગઝડતી લેવામાં આવતાં તેની પાસેથી સોનાની બે ચેઈન મળી આવી હતી. ૫૯,૦૦૦ કિંમતની આ ચેઈન અંગે કરાયેલી પૂછપરછમાં સંતોષકારક જવાબ આપી ન શકનાર રાહુલની અટકાયત કરાઈ હતી. વિસ્તૃત તપાસમાં રાહુલે તેના મિત્ર પંકજ શંકરલાલ શર્મા (રહે. પગારાગામ, ડુંગરપુર, રાજસ્થાન) સાથે મળી આ ચેઈન સ્નેચિંગ કર્યાની કબૂલાત કરી હતી. પોલીસની તપાસમાં રાહુલ અને પંકજે પાંડેસરા, ઉમરા, અઠવાલાઈન્સ, ખટોદરા પોલીસ મથકના વિસ્તારોમાંથી ૯ ચેઈન સ્નેચિંગ કર્યાનું બહાર આવ્યું છે. તપાસમાં વધુ ચોંકાવનારી બાબત એ બહાર આવી હતી કે રાહુલ અને પંકજ બાંસવાડાથી બાઈક ઉપર સુરત આવીને ચેઈન સ્નેચિંગ કરી પરત ચાલ્યો જતો હતો. સુરતથી બાંસવાડાનું અંતર ૩૮૦ કિલોમીટર જેટલું છે.

૩૮૦ કિ.મી. અંતર રાતે કાપી તે સવારે સુરત આવી પહોંચતો હતો. અહીં તે એક બે ઠેકાણે રાહદારી મહિલાઓ ઉપરને નિશાન બનાવતો હતો. કામ થાય એટલે તે તુરંત વતનની વાટ પકડી લેતો હતો. આ માટે તે ૧૫૦ અને ૨૨૦ સીસીનું બજાજ પલ્સર બાઈક વાપરતો હોવાનું પણ જાણવા મળે છે. પોલીસના કહેવા અનુસાર રાહુલ વર્ષ ૨૦૦૩માં સુરતમાં નોકરી કરતો હતો. અહીં રહેલો હોવાથી ભૌગોલિક સ્થિતિથી તે વાકેફ હતો. ત્યારબાદ તેને પંકજ શર્મા સાથે મિત્રતા થઈ હતી. આ બંને જણાએ ટૂંકા રસ્તે પૈસા કમાવવા માટે સ્નેચિંગનો રસ્તો અપનાવ્યો હતો. તે સુરત ઉપરાંત સાબરકાંઠા અને બાંસવાડામાં પણ લૂંટ, ચોરી, સ્નેચિંગના ત્રીસેક ગુનાઓમાં પોલીસના હાથે ઝડપાઈ ચૂક્યો છે. ગુજરાતમાં તેની સામે ૧૪ ગુનાઓ નોંધાયેલા છે. પોલીસની કામગીરીના પગલે આ રીઢો ગુનેગાર જેલના સળિયા ગણતો થઈ ગયો છે.